# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-12-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મયૂર સોલંકી** વાંચે છે.

---

## <u>સમાચારનાં અંતે</u>

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલોં કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# MANDVIYA DEESA KHEL MAHOTSAV

કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવીયાએ આજે બનાસકાંઠાના ડીસા ખાતે સાંસદ ખેલ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે જણાવ્યું , મેદાનમાં ઉતરનાર ખેલાડી ક્યારેય હારતો નથી તે જીતે છે અથવા શીખે છે.

(બાઇટ : ડૉ.મનસુખ માંડવીયા, કેન્દ્રીય મંત્રી)

આ સાંસદ ખેલ મહોત્સવમાં ૩ હજારથી વધુ યુવાઓએ નોંધણી કરાવી છે . આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી , રાજ્ય સરકારના મંત્રીઓ , પ્રવીણ માળી, સ્વરૂપજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# ARVALLI KHEL MAHOTSAV

અરવલ્લી જિલ્લાના ભિલોડામાં રાજ્યકક્ષાના મંત્રી પી. સી. બરંડાની ઉપસ્થિતિમાં સાંસદ ખેલ મહોત્સવનો પ્રારંભ કરાયો. પાલ્લા ગામે સાંસદ શોભનાબેન બારૈયાની ઉપસ્થિતિમાં ખેલ મહોત્સવ અંતર્ગત કબડ્ડી સ્પર્ધાની શરૂઆત કરાઇ. આ પ્રસંગે વિવિધ રમતોત્સવમાં વિજેતા થયેલા ખેલાડીઓનું સન્માન કરાયું. આ પ્રસંગે શ્રી બરંડાએ ખેલ મહોત્સવથી રમતવીરોને થતાં ફાયદા અંગે વાત કરી.

(બાઇટ : પી. સી. બરંડા, મંત્રી)

. . . . . . . . . . . . .

# DANG SIR

મતદાર યાદી વિશેષ સઘન સુધારણા-SIR છેલ્લા દિવસ સુધીમાં જિલ્લાની 100 ટકા કામગીરી પૂર્ણ કરવા માટે માન્ય રાજકીય પક્ષો સાથે ડાંગ જિલ્લાના રોલ ઓબ્ઝર્વર મહેશ પટેલની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી આહવા ખાતે બેઠક યોજાઈ હતી. બેઠકમાં મેપિંગની કામગીરીના રીપોર્ટના દરેક પાસાંની સમજ આપવામાં આવી હતી. તેમજ જે મતદારોના ફોર્મ મૃત્યુ થવાથી, સ્થળાંતર થવાથી, ગેરહાજર હોવાથી કે અન્ય સ્થળ પર નોંધણી જેવા કારણોસર પરત આવવાની શક્યતા નહીવત છે તેની યાદી બાબતે માહિતગાર કરવામાં આવ્યાં હતા.

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR CYCLOTHON

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા સ્વદેશી " સાયકલોથોન"નું આયોજન ધૂધરી પાર્ક ખાતે કરવામાં આવ્યું. સાયકલોથોનને મ્યુનિસિપલ કમિશનર ડૉ. નવનાથ ગવ્હાણેએ લીલીઝંડી આપી. 12 કિ .મી. અને 24 કિ.મી.ના બે વિભાગમાં યોજાયેલી આ સ્પર્ધા દરમિયાન સ્વદેશીના સંદેશા આપતા બેનરો અને સૂત્રો સાથે સાઇકલ ચાલકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમના અંતે તમામ સહભાગીઓને પ્રમાણપત્ર વિતરણ કરાયા હતા. જ્યારે વિજેતાઓને સાઇકલ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . .

# CRICKET - IND SA T20

ક્રિકેટમાં ભારત આજે સાંજે ધર્મશાલાના હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે શ્રેણીની ત્રીજી T20 મેચમાં દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે. આ મેચ સાંજે સાત વાગ્યે શરૂ થશે. 5 મેચની શ્રેણી હાલમાં 1-1 થી બરોબર છે.

શ્રેણીની ચોથી મેચ બુધવારે લખનઉમાં રમાશે , જ્યારે અંતિમ મેચ શુક્રવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે.

. . . . . . . . . . . . . . . .